**આંક–૧ લગત હુકમ**

(૧) ફરીયાદ વાંચી. દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. ફરીયાદીના વિધ્વાન વકીલશ્રી ની દલીલ સાંભળી. હાલની ફરીયાદ ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળના ગુન્હાની કરી છે. ફરીયાદના ટાઈટલમાં આરોપી તરીકે જોશેફ કે તે ડ્રીજય એકસપોર્ટ પ્રાઈવેટ લીમીટેડ વતી તેમ સંબોધીને જોડેલ છે. અને અસલ ચેકમાં આરોપી તરીકે કંપની જ ડ્રોઅર છે આથી તે અંગે હાલ કોઈ બાધ કાર્યવાહી આગળ ચલાવવા માટેનો કહી શકાય નહી ખાસ કરીને જયારે ચેક ફંડસ ઈન્સફીશ્યન્ટ ના શેરા થી રીર્ટન થયો છે નહી કે સીગ્નેચર ડીફર કે તેવા. ઉપરાંત નોટીસ પોસ્ટખાતાના એકનોલેજમેન્ટ મુજબ આરોપીને તારીખ ૧૯–૩–૨૦૨૬ ના રોજ મળી છે અને હાલની ફરીયાદ તારીખ ૪–૫–૨૦૨૬ ના રોજ દાખલ કરી છે. એટલે બજવણી તારીખ થી પંદર દીવસ ગણતા અને તેના પછી એક માસ ગણતા ફરીયાદ સમય મયાર્દા એટલે કે ત્રીસ દીવસ મા જ દાખલ કરી છે. ઉપરાંત ચેક રીર્ટન તારીખ ૧૭–૨–૨૬ છે જયારે ડીમાન્ડ નોટીસ આપ્યા તારીખ ૧૪–૩–૨૬ છે જે એકમાસ એટલે કે ત્રીસ દીવસ લેખે ગણતા ડીમાન્ડ નોટીસ પણ સમય મર્યાદામાં છે. ઉપરાંત ચેક ફરીયાદીએ પોતાના ભાલકા વિસ્તારવાળી બેન્ક અને બ્રાન્ચ માં ભરેલ હોય આ અદાલતની સ્થાનીક હકુમતમા હોય આ કેસમાં નીચે મુજબનો આખરી આદેશ હાલના તબકકે પસાર કરવાનુ જરુરી છે.

-

**આખરી આદેશ**

–– આ ફરીયાદ ને ફોજદારી કેસ નંબર તરીકે રજીસ્ર્ટડ કરવી. આ કામના આરોપીને ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળના ગુન્હા નો નિયત નમુનાનો આરોપી સમન્સ ફરીયાદી સાક્ષી લીસ્ટ રજુ કર્યેથી ફરીયાદની નકલ સાથે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ ની કલમ– ૨૨૭ હેઠળ ઈસ્યુ કરવા આદેશ કરવામા આવે છે. અને આ હુકમને અસર આપવા ઈન્કવાયરી આથી ફેસલ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ ૨૦મી જુન ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી અને સહી કરીને જાહેર કર્યો.

ગીર સોમનાથ એટ વેરાવળ
તારીખ ૨૦/૦૬/૨૦૨૬

પ્રીતેશ ચુ. અંધારીયા
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ગીર સોમનાથ એટ વેરાવળ
યુઆઈડી–જીજે૦૧૧૧૯